# -: લેવું યા ન લેવું :-

તારીખી કિતાબોમાં બયાન છે કે, હ.ઝુલકરનૈન નબી રાતના અંધારામાં પોતાના લશ્કર સાથે એક અંજાન ઈલાકામાંથી ગુઝરી રહ્યા હતા, એક ખૌફનાક જંગલ-બયાબાનને દરમિયાનથી જઈ રહ્યા હતા. અંધારાનો એવો શદીદ માહૌલ હતો કે કઈ સમઝ ન પડે કે કઈ રાહ ઈખ્તેયાર કરવી, કઈ તરફ રૂખ કરવો, કઈ સુઝે નહીં, ઝમીન પર કદમ દેખાય નહીં. તે હંગામમાં આપને સાથે જે સિપાહીઓ હતા તેમના પગોમાં કાંકરાઓની મિસિલ કઈ નોકદાર ચીઝ ચુભવા લાગી, પગોમાં દર્દ થાવા લાગું, અંધારામાં ખબર ન પડી કે શું ચીઝ પગોને ઝખ્મી કરી રહી છે. સઘલા સિપાહીઓએ બેકરારીથી હ.ઝુલકરનૈન (અ.સ.) ને દરયાફત કીધું કે, આ કઈ નોકદાર ચીઝ હમારા પગોને ભોંકાઈ રહી છે ? આપ (અ.સ.) એ હિકમતના કલામમાં અજીબ અંદાઝથી જવાબ આપો કે, **"આ તે ચીઝ છે કે જે તેને લેશે તે પણ પછતાશે અને નહીં લે તે પણ પછતાશે !"**

સઘલા સિપાહીઓ આ સાંભલી હૈરાન થઈ ગયા કે આ તે કઈ ચીઝ છે જેને લેવાથી યા ન લેવાથી પછતાવો થાય ! તેથી હૈરતના સબબ ચંદ સિપાહીઓએ તે ચીઝ લીધી અને થોડાએ તેને પર ધ્યાન ન આપું. થોડા વક્ત પછી તે અંધારૂં જંગલ પૂરૂં થયું અને લશ્કર રોશની તરફ આવું. હ. ઝુલકરનૈન (અ.સ.) લશ્કરીઓને એક જગા ઠેહરવાનો હુકુમ કરે છે અને જે લશ્કરીઓએ તે નોકદાર ચીઝને પોતાના દામનમાં ભરી હતી, તે જુએ છે તો ચમકતા યાકૂત અને કીમતી મોતીઓ હોય છે. હવે આ લશ્કરીઓએ એમ પછતાવો થાય છે કે, હમેં શું કામ આના કરતા વધારે ન લઈ લીધું ! અને જેઓએ તેને તરફ ધ્યાન આપું નહોતું તે પોતાને કોસવા લાગા અને બદકિસ્મતી પર રોવા લાગા અને કહેવા લાગા કે, હલાકી છે હમારા વાસ્તે કે હમેં હમારા સરદારના હકીમાના કલામને ન સમઝી શકા !

શાફેઉલ મુઝનેબીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે શરીઅત હમારા વાસ્તે લઈને આવા તેના હર અમલે ખૈર-આઅમાલે સાલેહાત કીમતી મોતીઓ અને નફીસ યાકૂતની મિસિલ છે. આકિલ અને ફહીમ મુમિન તે જ છે જે પોતાની ઝિંદગીમાં આ ખૈર આઅમાલની માઅરેફત રાખી તેને વધારેમાં વધારે પોતાના દામનમાં સમાવી આખેરત વાસ્તે સંભાલીને રાખે, તેનો ઝખીરો કરે કેમકે **આખેરત જ તેની હકીકી અને હમેશાની ઝિંદગી છે.** એમ ન થાય કે દુનિયાની ઝિંદગી પૂરી થયા બાદ પછતાવાનો એહસાસ થાય કે, કાશ ! મેં મારી દુનિયાની ઝિંદગીમાં ખૈર અમલ કરીને આવતો (મોતીઓ ભેગા કરીને આવતો) તો ઝરૂર અલ્લાહતઆલા તેના બદલામાં મને આખેરતમાં બેહતરીન સવાબ અને જઝા આપતા ! ★